અપીલ અરજી નં.૩૨/૦૮–૦૯ તા. ૫–૫–૦૮

અરજદારઃ શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલ
સામાવાળા:ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## હુકમ:–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલની તા.૨૯–૩–૦૮ થી માંગેલ મમતાપાર્ક કલાકુંજ સોસાયટીના રોડ રસ્તા કેનાલનો માપ તથા વસાહતો વિગેરેને લગતી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી અંગે અરજી અન્વયે એક જ સવાલના જવાબો અલગ અલગ મળેલ હોવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૫–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૨/૦૮–૦૯

શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલની તા.૨૯–૩–૦૮ ની અરજીથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૪૫ તા.૧૬–૪–૦૮ અને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૫૪ તા.૨૮–૪–૦૮ થી જાહેર માહિતી અધિકારી ઈસ્ટઝોન ધ્વારા આપવામાં આવેલ માહિતીમાં એક જ સવાલના જવાબો અલગ અલગ રીતે આપવામાં આવેલ જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૫–૦૮ ના રોજ ઝેરોક્ષ નકલ ધ્વારા અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની મુળ અપીલ અરજી મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩ તા.૧૪–૫–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના તા.૨૦–૫–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મોકલી આપેલ છે. જેમાં અરજદારને પાઠવેલ ઉપરોકત નકલ તથા અરજદારને આપ્યાની જણાવેલ ઠરાવની નકલ જણાય છે.

અરજદારે અપીલ અરજીમાં એક જ વિષય વસ્તુ બાબતે આરટીઆઈ એકટ હેઠળ માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અલગ અલગ જવાબ પાઠવેલ જણાવેલ છે. (૧) મમતાપાર્ક થી કલાકુંજ સ્વામીનારાયણ મંદિર તરફનો રોડ " જાહેર રસ્તા" તરીકે કયારથી મંજુર કરવામાં આવ્યો. (૨) રસ્તા સેન્ટર લાઈન કયાંથી અને કેવી રીતે નકકી કરેલ છે. (૩) મમતા પાર્ક–૧ અને મમતા પાર્ક–૨ વચ્ચે કેનાલ રોડનું કેટલું અંતર છે. સદર વિષય બાબતે અરજદારને નં.ઈઝેડ/આરટીઆઈ/૫૫૪ તા.૨૮–૪–૦૮ નિયત નમુનામાં આપેલ માહિતી બાબતે જાહેર રસ્તા તરીકે હોવાનો જવાબ પાઠવેલ છે. જે અંગે સામાન્ય સભાના ઠરાવ નં.૯/૨૦૦૪ તા.૨૮–૧–૦૪ થી મંજુર કરવામાં આવેલ હોવાનું જણાવી નકલ પાઠવેલ છે. તેની સામે અરજદાર ધ્વારા જાહેર માહિતી અધિકારીએ અન્ય અરજદાર ડો.અજય પ્રવિણચંદ્ર ભટ્ટની તા.૨૫–૩–૦૮ ની મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૧૦ બાબતે પાઠવેલ જવાબમાં ઉકત પેરામાં મુદ્દા નં.૧ થી ૩ વિષયવસ્તુ બાબતે સમાન સવાલનો જવાબ નં.ઈઝેડ/આરટીઆઈ/૫૪૫ તા.૧૬–૪–૦૮ માં " જાહેર રસ્તો નથી" તેવી આપેલ માહિતીના પત્રની નકલ બીડેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે અપીલમાં ઉપસ્થિત કરેલ વિસંગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપીલ હેઠળના અરજદારને ઠરાવવા આધાર સહ માહિતી આપેલ છે જે આધારભૂત માનવાને કારણ છે. પરંતુ તે પૈકી ત્રણ મુદ્દા ના વિષયવસ્તુ બાબતે અન્ય અરજદારને ડો. અજય પ્રવિણચંદ્ર ભટ્ટની અરજીના મુદ્દા નં.૧ થી ૧૦ તા.૨૫–૩–૦૮ ની અરજી અનુંસંધાને નં.ઈઝેડ/આરટીઆઈ/૫૪૫ તા.૨૬–૪–૦૮ ના રોજ પાઠવેલ જવાબ પૈકી ત્રણ મુદ્દા સમાન વિષયવસ્તુ હોવા છતાં વિરોધાભાસી જવાબ પાઠવેલ છે. જે અંગે સ્થળસ્થિતિ અને રેકર્ડ આધારિત માહિતીની ચકાસણી કરી હકીકતલક્ષી વિગત કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિસંગત માહિતીની સ્પષ્ટતા સહ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીને વરાછાઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી જીતેન્દ્રભાઈ રસીકભાઈ પટેલ,